# BUSINESS મિત્ર

## ફેડરલ રિઝર્વના વ્યાજદર યથાવત રહેતા શેરબજારમાં તેજી

# સેન્સેક્સ 905 પોઇન્ટ વધ્યો

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 905.01 | 74151.04 |
| નિફ્ટી | 237.90 | 74151.04 |
| બેન્ક નિફ્ટી | 642.25 | 54909.65 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટ્સ | 6.29 | 1872.00 |
| અદાણી એન્ટરપ્રાઇઝ | 5.17 | 2607.90 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 4.32 | 459.00 |
| ઇટર્નલ | 3.63 | 337.85 |
| પાવરગ્રીડ | 3.42 | 260.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 1.79 | 2861.70 |
| મારૂતિ સુઝુકી | 1.32 | 11426.00 |
| બજાજ ઓટો | 0.97 | 10383.00 |
| એસબીઆઇ લાઇફ | 0.88 | 1652.00 |
| હિન્દાલ્કો | 0.83 | 886.30 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટ્સ | 5.17 | 1850.00 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 3.86 | 457.00 |
| પાવરગ્રીડ | 3.70 | 260.40 |
| ઇટર્નલ | 3.46 | 337.80 |
| બજાજ ફાઇનાન્સ | 2.56 | 950.70 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 1.44 | 2866.00 |
| મારૂતિ સુઝુકી | 1.32 | 11426.00 |
| બજાજ ઓટો | 0.97 | 10383.00 |
| એસબીઆઇ લાઇફ | 0.88 | 1652.00 |
| હિન્દાલ્કો | 0.83 | 886.30 |

**રોકાણકારોને** રૂ. 3.86 લાખ કરોડની કમાણી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 29: અમેરિકાના ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર વધવાનો આશાવાદ હતો, પરંતુ ફેડ રેટ વધ્યા નહીં અને યથાવત રહેતા એફઆઈઆઈની વેચવાલી અટકી હતી, તેની સામે કેટલાક પસંદગીના શેરોમાં ખરીદીનો માહોલ રહ્યો હતો, જેથી સેન્ટિમેન્ટ સુધરી ગયું હતું. આ ઉપરાંત, સેન્સેક્સની મંથલી એક્સપાયરી હોવાથી આજે શરૂઆતમાં બેઉતરફી વધઘટ રહી હતી, પરંતુ છેલ્લા સેશનમાં જબરદસ્ત ઉછાળો આવ્યો હતો અને સેન્સેક્સ-નિફ્ટી ઉપલા સ્તરે બંધ રહ્યા હતા. જેમાં નિફ્ટીએ 22900ની સપાટી કુદાવી હતી. જેના લીધે રોકાણકારોને રૂ. 3.86 લાખ કરોડની કમાણી થઇ હતી. કેમ કે આજે લાર્જકેપ શેરોએ સારૂં પ્રદર્શન કર્યુ હતું. જ્યારે બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો.

સેકટર વાઇઝ જોઇએ તો રિયલ્ટી, પીએસયુ બેન્ક અને એફએમસીજી શેરોમાં મજબૂત ખરીદી જોવા મળી હતી. ઓટો અને સિમેન્ટ સિવાયના તમામ સેકટરો પોઝિટિવ રહ્યા હતા. આમ, મોટા ભાગના સેકટર પોઝિટિવ રહ્યા હતા.

### ડોલરમાં નજીવો સુધારો જોવાયો

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.25 રૂ. |
| યુરો | 105.84 રૂ. |
| પાઉન્ડ | 127.01 રૂ. |
| યેન | 0.6068 રૂ. |

કરન્સી બજારમાં આજે ડોલરમાં ધીમો સુધારો જોવાયો હતો. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દર યથાવત રાખવાના નિર્ણય વચ્ચે રૂપિયો નજીવા સુધારા સાથે ખુલ્યો હતો, પણ છેલ્લે નજીવા ઘટાડા સાથે બંધ રહ્યો હતો. ડોલરની સામે રૂપિયો 2 પૈસા ઘટીને 95.25ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.23ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 105.84, પાઉન્ડ 127.01, કેનેડિયન ડોલર 68.04, ઓસ્ટ્રેલિયન ડોલર 66.68, સીંગાપોર ડોલર 74.42ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ મંથલી એક્સપાયરીના પગલે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં જોરદાર ઉછાળો આવ્યો હતો. બીએસઇ સેન્સેક્સ 905.01 પોઇન્ટ એટલે કે 1.24 ટકા વધીને 74151.04 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 74166 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73181 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 237.90 પોઇન્ટ એટલે કે 1.05 ટકા વધીને 22900 પોઇન્ટની સપાટી કુદાવીને 22936.75 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22961 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22656 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 642.25 પોઇન્ટ એટલે કે 1.18 ટકા વધીને 54909.65 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે દાલમીયા ભારતમાં 41.56 ગણા, સ્ટાર હેલ્થમાં 12.59 ગણા, એમ એન્ડ એમ ફાઇ.માં 10.87 ગણા, બિરલા સોફ્ટમાં 10.34 ગણા, ચોલામાંડલમ ઇન્વેસ્ટમેન્ટમાં 5.59 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે બિરલા સોફ્ટમાં 28.55 ગણા, જ્યુપીટર વેગન્સમાં 17.62 ગણા, પુનાવાલા ફિનકોર્પમાં 11.27 ગણા, જેએસડબલ્યુ એનર્જીમાં 7.94 ગણા અને ઇ કલર્કસ સર્વિસીસમાં 6.57 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારાની ચાલ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.60 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.69 ટકા વધ્યા હતા. બીએસઇ ખાતે 2664 શેરો વધ્યા હતા, જ્યારે 1708 શેરો ઘટ્યા હતા, તથા 225 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ 2.75 ટકા સુધર્યો હતો. જેમાં ડીએલએફ, ફોનીક્સ મિલ્સ, લોઢા ડેવલપર્સ, પ્રેસ્ટીજ એસ્ટેટ અને ઓબેરોય રિયલ્ટી, ગોદરેજ પ્રોપર્ટીઝ અને અનંતરાજ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કોઇ વધારો નહીં કરતાં આજે ડાઉ ફ્યુચર્સ પણ 304 પોઇન્ટ ઉછળ્યો હતો. જેના લીધે આજે પણ અમેરિકન બજારો ઉછળીને બંધ રહેશે. ફેડરલ રિઝર્વ બાદ યુરોપિયન સેન્ટ્રલ બેન્ક શું રૂખ અપનાવે છે, કંપનીઓની કમાણીને રોકાણકારો વોચ રાખી રહ્યા છે, તે પુર્વે યુરોપિયન બજારોમાં સુધારાની ચાલ સાથે ચાલી રહ્યા છે. જ્યારે મોટા ભાગના એશિયન બજારો નીચા સ્તરે બંધ રહ્યા હતા. કારણ કે ટેકનોલોજી સેકટરના મુલ્યાંકન અંગેની ચિંતાઓ, યુએસની મુખ્ય કોર્પોરેટ કમાણી અંગેની નિરાશાજનક પ્રતિક્રિયાઓ અને ક્રુડ ઓઇલના વધેલા ભાવોએ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ભાર મુક્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.48 ટકા, કેક 0.95 ટકા અને ડેક્સ 0.94 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે નીક્કી 0.97 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.03 ટકા, હેંગસેંગ 0.78 ટકા, તાઇવાન 1.44 ટકા, કોસ્પી 1.26 ટકા, જકાર્તા 3.61 ટકા અને શાંઘાઇ 0.82 ટકા ઘટયા હતા.

# અલ નીનોના પ્રકોપથી કઠોળ, ખાંડ અને તેલિબિયાંનું ઉત્પાદન ઘટ્યું

**ખાદ્ય** ચીજોની આયાત વધવાની આશંકા વચ્ચે ઉદ્યોગોએ સરકાર પાસે રાહતો અને છૂટ માગી

નવી દિલ્હી, તા. 29: અલ નીનોએ દેશમાં કઠોળ, ખાંડ, તેલિબિયા ને ચોખા જેવા આવશ્યક પાકોના ઉત્પાદનને ગંભીર અસર કરી છે. તેને અત્યાર સુધીનો સૌથી શક્તિશાળી અલ નીનો માનવામાં આવે છે. એવી આશંકા છે કે આનાથી ભારતને ખાદ્ય ચીજોની આયાત કરવાની ફરજ પડી શકે છે. વધુમાં, ભારતે આ નાણાકીય વર્ષમાં પશુ આહાર અને કૃષિ કાચા માલની આયાત વધારવી પડી શકે છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, દુષ્કાળને કાણે પાક ઉત્પાદનમાં ઘટાડો થયો છે, જેના કારણે પુરવઠા અંગે ચિંતા વધી છે. દરમ્યાન ઉદ્યોગ ખર્ચને નિયંત્રિત કરવા માટે આયાતમાં સરળતા લાવવાની માગ કરી રહ્યો છે. ખાંડ ઉદ્યોગને કાચી ખાંડની આયાતની સમયમર્યાદા લંબાવવાની મંજુરી મળી ગઇ છે. સોયાબીન ખોળ અને મકાઇની આયાત સાથે ખાદ્ય તેલની આયાત પણ વધારવાની જરૂર પડી શકે છે.

ખરીફ સિઝન દરમ્યાન સોયાબીન અને મગફળીના ઉત્પાદનમાં ઘટાડો થવાની ધારણા છે. વધુમાં, શિયાળાના સરસવના પાક અંગે ચિંતા છે, જેના કાણે ખાદ્ય તેલની આયાતમાં વધારો થઇ શકે છે. મરઘા ઉદ્યોગ સોયાબીન ખોળ અને મકાઇની આયાત કરવાની પરવાનગી માગી રહ્યો છે. તેવી જ રીતે, કાપડ કંપનીઓ કપાસ પરની આયાત જકાત દુર કરવાની માગ કરી રહી છે. સ્ટાર્ચ ઉદ્યોગને ડર છે કે જો મકાઇનો મોટો હિસ્સો ઇથેનોલ ઉત્પાદન તરફ વાળવામાં આવે તો તેને ચીનથી સ્ટાર્ચ આયાત કરવી પડી શકે છે.

આફ્રિકન દેશોમાંથી ભારતમાં સોયનાબીનની આયાત રેકોર્ડ સ્તરે પહોંચી ગઇ છે. આનું કારણ એ છે કે ગત વર્ષે વધુ પડતા વરસાદને કારણે પાકને અસર થઇ હતી. આ નાણાકીય વર્ષમાં સોયાબીનની અછત ચાલુ રહેવાની ધારણા છે. કારણ કે મરાઠાવાડા, વિદર્ભ, તેલંગાણા અને મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાં દુષ્કાળના કારણે પાક નિષ્ફળ ગયો છે. જેના લીધે સરકાર પાસેથી 3 મિલિયન ટન સોયાબીન ખોળ આયાત કરવાની પરવાનગી માગી છે. સોયાબીન ખોળ અને મકાઇ મરઘાના ખોરાકનો 80 ટકા હિસ્સો ધરાવે છે. કાપણી ચાલી રહી હોવા છતાં તેમના ભાવ પહેલાથી જ ખુબ ઉંચા છે. જો આપણે આયાતને મંજુરી નહીં આપીએ, તો મરઘાં ઉત્પાદનોના ભાવ આસમાને પહોંચી શકે છે અને ખેડૂતોને નુકશાન થઇ શકે છે. કમ્પાઉન્ડ લાઇવસ્ટોક ફીડ મેન્યુફેકચર્સ એસોસીએશનના ભુતપૂર્વ પ્રમુખ દિવ્ય કુમાર ગુલાડીએ જણાવ્યું હતું કે, અમેર સરકાર પાસેથી 3 મિલિયન ટન સોયાબીન ખોળ આયાત કરવાની પરવાનગી માગી છે.

ભારત તેના કુલ ખાદ્ય તેલના વપરાશના આશરે 54થી 56 ટકા આયાત દ્વારા પુર્ણ કરે છે. ભારત તેની સ્થાનિક અછતને પહોંચી વળવા માટે વાર્ષિક આશરે 15થી 16 મિલિયન ટન વનસ્પતિ તેલની આયાત કરે છે. 2024-25માં કુલ આયાત 166.63 લાખ ટન હતી.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ '' | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-૩૦ | ૫૬૦૦ |
| એસ-૩૦ | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૬૫૯૫ |
| તેજાબી સોનું | ૧૪૬૫૦૫ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૯૨૬૫ |
| દાગીના-બીઆઇએસ હોલમાર્ક | ૧૪૩૬૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૬૫૯૫૦ |
| ચાંદી (૯૯૯) | ૧૯૬૧૦૦ |
| ચાંદી સિક્કા | ૧૯૭૬૦૦ |

# ઈમેઈલ મોકલીને એમેઝોને 250 કર્મીઓને છૂટા કરી દીધા

**સવારે** ઇમેઇલ આવ્યો અને નોકરી ગઇ: ડિવાઇસ અને સર્વિસીસ ડિપાર્ટમેન્ટમાં નોકરી કાપ મુકાયો

નવી દિલ્હી, તા. 29: દુનિયાની અગ્રણી ઈ-કોમર્સ કંપની એમેઝોને ફરી એકવાર કર્મચારીઓની છટણી કરતા ટેકનોલોજી સેકટરમાં ચિંતા વધી ગઇ છે. કંપનીએ પોતાના ડિવાઇસ અને સર્વિસીસ વિભાગમાં આશરે 250 નોકરીઓમાં કાપ મુક્યો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે અસરગ્રસ્ત કર્મચારીઓને વહેલી સવારે ઈમેઈલ અને ટેક્સ્ટ મેસેજ દ્વારા નોકરીમાંથી છૂટા કરવાની જાણ કરવામાં આવી હતી.

રોઇટર્સના અહેવાલ અનુસાર, એમેઝોનની તાજેતરની છટણીની સૌથી વધુ અસર સોફ્ટવેર ડેવલપમેન્ટ સાથે સંકળાયેલા કર્મચારીઓ પર પડી છે. આ વિભાગ કીંડલ ઈ રીડર, ઈકો સ્માર્ટ સ્પીકર અને અન્ય સ્માર્ટ ડિવાઈસ તૈયાર કરે છે.

એમેઝોનના પ્રવક્તાએ છટણીની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, કામગીરી વધુ કાર્યક્ષમ બનાવવા અને ભવિષ્યના પ્રોડકટ પ્લાનીંગ સાથે કર્મચારીઓની સંખ્યાનું યોગ્ય સંકલન કરવા આ નિર્ણય લેવાયો છે. મહત્વનું એ છે કે કંપનીએ તાજેતરમાં નવા કીંડલ અને ટેબલેટ સહિત એલેક્સા આધારિત સ્માર્ટ ડિવાઇસ પણ રજૂ કર્યા છે. નવી પ્રોડક્ટ લોન્ચીગ વચ્ચે કર્મચારીઓની છટણીએ ચર્ચા જગાવી છે. ઉલ્લેખનીય છે કે, ઓકટોબરમાં રિટેઇલ વિભાગમાંથી 1000 કર્મીઓને છુટા કર્યા હતા.

# અદાણી-ટાટા વચ્ચે ડીલ: ચાર શહેરોમાં આઠ હોટલ ખોલશે

**દેશના** ચાર મોટા એરપોર્ટ શહેરોમાં 2000થી વધુ રૂમો સાથે 8 નવી હોટલ વિકસાવાશે

અમદાવાદ, તા. 29: દેશની સૌથી મોટી ખાનગી એરપોર્ટ ઓપરેટર અદાણી એરપોર્ટ હોલ્ડીગ્સ લિ. અને ટાટા ગ્રુપની સુપ્રસિદ્ધ હોસ્પિટાલિટી કંપની ધ ઇન્ડિયન હોટલ્સ કંપની લિ.એ ઐતિહાસિક ભાગીદારીની જાહેરાત કરી છે. આ મેગા મલ્ટી હોટલ ઓપરેટિંગ કરાર હેઠળ દેશના ચાર મોટા એરપોર્ટ શહેરમાં કુલ 2000થી વધુ રૂમો સાથે આઠ નવી હોટલો વિકાસાવાશે.

આ ભાગીદારી અદાણી ગ્રુપની એરપોર્ટને માત્ર ટ્રાવેલ હબને બદલે એરપોર્ટ સિટી અને કોમર્શીયલ હબ તરીકે વિકાસવવાની વ્યૂહરચનાનો એક મોટો ભાગ છે.

અદાણી એરપોર્ટ આ હોટલોનું નિર્માણ અને વિકાસ કરશે. જ્યારે આઇએચસીએલ તેના મલ્ટી બ્રાન્ડ પોર્ટફોલિયો હેઠળ તેનું સંચાલન કરશે. અદાણી એરોપર્ટ અને આઇએચસીએલની આ ઐતિહાસિક ભાગીદારી હેઠળ દેશના ચાર મોટા શહેરોના એરપોર્ટ પર 8 નવી હોટલો બનાવવામાં આવશે.

આ પ્રોજેક્ટમાં લકઝીથી લઇને બજેટ કેટેગરી સુધીની હોસ્પિટાલિટી બ્રાન્ડસને આવરી લેવામાં આવી છે.

# ઇઝરાયલમાં જે કોઈ પક્ષની સરકાર બનશે તેણે આરબ પક્ષોનો ટેકો લેવો જ પડશે



ઇઝરાયલની રચના પેલેસ્ટાઇનની જમીન પર થઈ હતી, જેમાં આરબો વસવાટ કરતાં હતાં. ઇઝરાયલમાં યહૂદી શાસનની સ્થાપના થઈ ત્યારે આરબો હાંસિયામાં ધકેલાઈ ગયાં હતાં. ઇઝરાયલે મૂળ પેલેસ્ટાઇન ઉપર અતિક્રમણ કર્યું અને તેના વેસ્ટ બેન્ક તથા ગાઝા એવા બે ટુકડા કરી નાખ્યા હતા. ઇઝરાયલની રચના થઈ તે પછી પણ તેમાં મૂળ આરબ વસ્તી રહી હતી. તેમણે પોતાના રાજકીય પક્ષની સ્થાપના કરી હતી અને તેઓ ચૂંટણી પણ લડતાં હતાં. હવે ઇઝરાયલની સ્થાપના પછી પહેલી વાર એવું બન્યું છે કે આરબ પક્ષો આગામી સરકારની રચનામાં કિંગમેકર બની શકે છે. ૨૭ ઓક્ટોબરના રોજ યોજાયેલી ચૂંટણી પછીના એક્ઝિટ પોલ દર્શાવે છે કે બેન્જામિન નેતન્યાહૂનો પક્ષ કે ગાદી આઈઝેનકોટના નેતૃત્વ હેઠળના યહૂદી વિરોધ પક્ષો પોતાના દમ પર સંસદીય બહુમતી મેળવી શકશે નહીં. જો બેમાંથી કોઈને પણ સરકાર બનાવવી હશે તો તેમને આરબ પક્ષોના ટેકાની જરૂર પડશે. જો કે, આરબ પક્ષોનો ટેકો તેના પર નિર્ભર રહેશે કે વિપક્ષી નેતાઓ સરકારની બહાર રહીને તેમની ભાગીદારી સ્વીકારે છે કે સમર્થન આપે છે.

ચેનલ ૧૨ ના એક મોટા એક્ઝિટ પોલ મુજબ ૧૨૦ સભ્યોની ઇઝરાયલી સંસદમાં નેતન્યાહૂનો કેમ્પ ૫૦ બેઠકો, યહૂદી વિપક્ષ ૫૩ અને આરબ પક્ષો ૧૭ બેઠકો જીતી શકે છે. નેતન્યાહૂનો વિરોધ કરતાં યહૂદી પક્ષો આરબ પ્રતિનિધિઓ સાથે મળીને કામ કરી શકે છે કે કેમ તે અંગે શંકા છે. આરબ પક્ષો સરકારની રચનાને પ્રભાવિત કરી શકે છે. મન્સૂર અબ્બાસના નેતૃત્વ હેઠળની યુનાઇટેડ આરબ લિસ્ટ (RAAM) સરકારમાં જોડાવા માંગે છે. તેની પ્રાથમિકતાઓમાં આરબ સમુદાયોમાં ગુનાખોરી કાબૂમાં લેવી, આવાસ, માળખાગત સુવિધાઓ અને જાહેર સેવાઓમાં સુધારો કરવાનો સમાવેશ થાય છે. આ પહેલાં પણ આ પ્રકારની ગોઠવણ રહી છે. ૨૦૨૧માં રામ નફતાલી બેનેટના નેતૃત્વ હેઠળના ગઠબંધનમાં જોડાયા હતા, જેણે શરૂઆતમાં નેતન્યાહૂને સત્તા પરથી દૂર કર્યા હતા. ચેનલ ૧૨ ના અંદાજ મુજબ યહૂદી વિપક્ષની ૫૨ બેઠકો અને રામની સાત બેઠકો મળીને ફક્ત ૫૯ બેઠકો થશે. આનો અર્થ એ થયો કે રામ એકલું ૬૧ બેઠકોની બહુમતી મેળવવા માટે પૂરતું નહીં હોય. આ માટે અન્ય પક્ષોના સમર્થનની જરૂર પડશે.

ઇઝરાયલી રાષ્ટ્રપતિ આઇઝેક હર્ઝોગ સાથે ચર્ચા દરમિયાન સરકાર બનાવવા માટે આમંત્રણ આપવા માટે આરબ પક્ષો પણ ઉમેદવારની ભલામણ કરી શકે છે. તેમની ભલામણો વિપક્ષી ઉમેદવારને ગઠબંધન બનાવવાનો પ્રયાસ કરવાની ઔપચારિક તક આપવામાં મદદ કરી શકે છે, ભલે આરબ પક્ષો પછીથી સરકારમાં જોડાય નહીં. જો કે, સરકાર બનાવવાની ઔપચારિક તક મેળવવી અને ખરેખર સરકાર માટે જરૂરી સમર્થન મેળવવું એ બે અલગ અલગ બાબતો છે. સૌથી મોટો અવરોધ ફક્ત બેઠકોની સંખ્યા જ નહીં, પણ રાજકીય વલણ પણ છે. નેતન્યાહૂએ આરબ પક્ષો સાથે સરકાર બનાવવાની શક્યતાને નકારી કાઢી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન આઇઝેનકોટ અને અન્ય ઘણા વિપક્ષી સાથીઓએ પણ આવી વ્યવસ્થાનો વિરોધ કર્યો હતો. જો કે, ચૂંટણી પછીના અહેવાલો સૂચવે છે કે આઇઝેનકોટ ચોક્કસ શરતોને આધીન સહયોગ કરવા તૈયાર હોઈ શકે છે. આરબ પક્ષો સરકારમાં ભાગ લે તેવી શક્યતા ઓછી છે. યહૂદી પક્ષોનું એક વ્યાપક ગઠબંધન તેમને સરકાર રચના પ્રક્રિયામાંથી બાકાત રાખી શકે છે. જો કે, આ માટે ચૂંટણી પ્રચાર દરમિયાન આપવામાં આવેલાં અન્ય મુખ્ય વચનો અને રાજકીય પ્રતિબદ્ધતાઓમાં ફેરફારની જરૂર પડી શકે છે. જો ગઠબંધનની વાટાઘાટો સંપૂર્ણપણે નિષ્ફળ જાય, તો બીજી ચૂંટણીની શક્યતા રહે છે. તેથી હવે સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્ન એ નથી કે આરબ પક્ષો કેટલી બેઠકો જીતે છે, પણ એ પણ છે કે શું વિપક્ષી નેતાઓ તેમને મંત્રીમંડળમાં સામેલ કરવા અને સરકારની બહાર રહેવા અને તેમના સંસદીય સમર્થન પર આધાર રાખવા વચ્ચે ભેદ પાડે છે. આ તફાવત નક્કી કરી શકે છે કે ચૂંટણી પછી નવી સરકાર રચાય છે કે રાજકીય ગતિરોધ ચાલુ રહે છે.

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

ઇઝરાયલમાં પહેલી વાર જૂન ૨૦૨૧ માં એક સ્વતંત્ર આરબ પક્ષ સરકારમાં જોડાયો હતો. તે સમયે મન્સૂર અબ્બાસની પાર્ટી રામ (યુનાઇટેડ આરબ લિસ્ટ) બેન્જામિન નેતન્યાહૂને સત્તા પરથી દૂર કરવા માટે નફતાલી બેનેટ અને યાયર લેપિડના નેતૃત્વ હેઠળના ગઠબંધનમાં જોડાઈ હતી. અબ્બાસે ૨ જૂન, ૨૦૨૧ ના રોજ ગઠબંધન કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. રામ પાસે નેસેટમાં ચાર બેઠકો હતી, જેણે તેને આઠ-પક્ષીય ગઠબંધનની રચનામાં મુખ્ય ભૂમિકા ભજવવાની તક આપી, જેમાં ઇઝરાયલના ડાબેરી, મધ્યપંથી અને જમણેરી પક્ષોનો સમાવેશ થતો હતો. RAAM ઔપચારિક રીતે ગઠબંધન ભાગીદાર બન્યું, પરંતુ કોઈ કેબિનેટ પદ ધરાવતું નહોતું. આનો અર્થ એ થયો કે સરકારમાં જોડાવાનો અર્થ એ નથી કે RAAM નેતાઓ મંત્રી બનશે. અબ્બાસે આરબ સમુદાયો માટે નાણાંકીય સહાય, રહેઠાણ, માળખાગત સુવિધાઓ અને ગુના નિયંત્રણ સંબંધિત પ્રતિબદ્ધતાઓ પર વાટાઘાટો કરી હતી. ૨૦૨૨ માં આ ગઠબંધન તૂટી પડ્યું. ભૂતકાળમાં પણ શાસક માપાઈ પક્ષ સાથે જોડાયેલા આરબ પક્ષોએ ગઠબંધન વ્યવસ્થામાં ભાગ લીધો હતો. ૧૯૯૦ના દાયકામાં આરબ પક્ષોએ યિત્ઝાક રાબિનની સરકારને ટેકો આપ્યો હતો.

મોટા ભાગનાં આરબો એવાં લોકોનાં વંશજો છે, જેઓ ૧૯૪૮ના આરબ-ઇઝરાયલી યુદ્ધ પછી ઇઝરાયલ દ્વારા જાહેર કરાયેલી જમીનની સરહદોની અંદર રહ્યા હતા. ઇઝરાયલની રચના પેલેસ્ટાઇનના બ્રિટિશ આદેશથી થઈ હતી, જ્યાં તે સમયે આશરે ૧૨ લાખ આરબો રહેતાં હતાં. યુએસ કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સે એક અહેવાલમાં લખ્યું છે કે આમાંથી ૭,૦૦,૦૦૦ થી વધુ લોકોને આરબો નકબા કહે છે. તેમને હાંકી કાઢવામાં આવ્યાં હતાં અથવા તેઓ ભાગી ગયાં હતાં. આ પછી, લગભગ ૧,૫૦,૦૦૦ આરબો તે વિસ્તારમાં રહ્યાં, જે પાછળથી ઇઝરાયલ બન્યું. તેઓ આપમેળે ઇઝરાયલી નાગરિક બની ગયાં હતાં અને તે સમયે ઇઝરાયલની વસ્તીનો લગભગ અડધો ભાગ હતાં. યહૂદી નાગરિકોથી વિપરીત, ઇઝરાયલના આરબ નાગરિકોને ૧૯૬૬ સુધી લશ્કરી શાસન હેઠળ રાખવામાં આવ્યાં હતાં. એક વર્ષ પછી, ઇઝરાયલે પૂર્વ જેરુસલેમ પર કબજો જમાવ્યો હતો અને ત્યાં રહેતાં લાખો આરબોને ઇઝરાયલી નાગરિકત્વ આપ્યું હતું, પરંતુ તેમાંથી મોટા ભાગનાં લોકોએ સ્વીકાર્યું નહીં. સંયુક્ત રાષ્ટ્ર આ વિસ્તારને ઇઝરાયલે કબજે કરેલો પેલેસ્ટિનિયન પ્રદેશ માને છે. આજે, ત્યાં રહેતાં આરબોની ગણતરી ઇઝરાયલી અને પેલેસ્ટિનિયન બંને વસ્તી ગણતરીમાં કરવામાં આવે છે, પણ તેમાંથી બહુ ઓછા ઇઝરાયલી નાગરિક છે. ઇઝરાયલી અખબાર જેરુસલેમ પોસ્ટે અહેવાલ આપ્યો છે કે આરબ નાગરિકો ઇઝરાયલની વસ્તીના ૨૧ ટકા છે અને મતદાન કરવા માટે લાયક લોકોમાંથી લગભગ ૧૭ ટકા છે. તેમની ચૂંટણીલક્ષી ક્ષમતા નોંધપાત્ર છે. યોગ્ય સંજોગોમાં, આરબ મતદારો નક્કી કરી શકે છે કે આગામી સરકાર કયું રાજકીય ગઠબંધન બનાવશે. આજે, ઇઝરાયલની વસ્તીના આશરે ૨૧ ટકા આરબો છે, જે લગભગ ૨૦ લાખ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. પૂર્વ જેરુસલેમમાં રહેતાં કેટલાંક લાખ લોકો સિવાય, તે બધાં ઇઝરાયલી નાગરિકો છે. આ પૂર્વ જેરુસલેમનાં લોકો કાયમી રહેવાસીઓ છે અને તેથી તેઓ નાગરિકો કરતાં ઓછા અધિકારોનો આનંદ માણે છે. મોટા ભાગનાં આરબ નાગરિકો સુન્ની મુસ્લિમો છે. ઇઝરાયલમાં જો કે ખ્રિસ્તીઓ અને ડ્રુઝની સંખ્યા પણ નોંધપાત્ર છે. પ્રમાણમાં મોટી સંખ્યામાં ડ્રુઝ ઇઝરાયેલી તરીકે ઓળખાય છે. આ લોકો પશ્ચિમ કાંઠા, ગાઝા અને પૂર્વ જેરુસલેમમાં રહેતા પેલેસ્ટિનિયન આરબો તેમજ જોર્ડન, લેબનોન, સીરિયા અને અન્ય દેશોમાં રહેતા પેલેસ્ટિનિયન ડાયસ્પોરા સમુદાયો સાથે ઇતિહાસ, સંસ્કૃતિ અને કૌટુંબિક સંબંધો ધરાવે છે. ઇઝરાયલી સરકારી દસ્તાવેજો અને મીડિયા આરબ નાગરિકોને આરબ અથવા ઇઝરાયલી આરબો તરીકે ઓળખાવે છે અને કેટલાંક આરબો પોતે પણ આ શબ્દોનો ઉપયોગ કરે છે. ગ્લોબલ ન્યૂઝ મીડિયા પણ સામાન્ય રીતે આ લોકોને પેલેસ્ટિનિયન પ્રદેશોમાં રહેતાં આરબોથી અલગ પાડવા માટે સમાન પરિભાષાનો ઉપયોગ કરે છે. આ ઇઝરાયલી આરબોનો ટેકો લઈને જે સરકાર બનશે, તે પેલેસ્ટાઇનમાં રહેતાં આરબો ઉપર કેવી રીતે અત્યાચારો ગુજારી શકશે?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ઇઝરાયલી અખબાર જેરુસલેમ પોસ્ટે અહેવાલ આપ્યો છે કે આરબ નાગરિકો ઇઝરાયલની વસ્તીના ૨૧ ટકા છે અને મતદાન કરવા માટેનાં લાયક લોકોમાંથી લગભગ ૧૭ ટકા છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222282, 8460222292 (12006)

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (12011)

નાનપુરા વિસ્તારમાં પહેલા માળે 1000 સ્કવેરફુટ જગ્યા ભાડે આપવાની છે પાર્કિંગ લીફટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય 9898041152

**જુનુ AC વેચવુ છે?**
સારી કિંમત નથી મળતી ? ચિંતા કરવાની કોઈ જરૂર નથી આવો અમારી પાસે અને મેળવો તમારા જુના ACનો શ્રેષ્ઠ ભાવ. જુનુ AC ચાલુ કે બંધ હાલતમાં લેવામાં આવશે. સારાભાવની ખાતરી માટે આજે જ સંપર્ક કરો. Mo. 9316100413 (12012)

**જુનો સામાન લેવામા**
આવશે. જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2-વ્હીલર વાહનો જુની ઘરઘંટી તેમજ તમામ પ્રકારનો જુનો સામાન તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413 (12013)

વેચવાની છે જગ્યા કુવરદા ગામ (કીમ પાસે) 3532 વાર શેડ 8000 sq.ft. 22 feet height બોઈલર શેડ 800 sq.ft. RCC ઓફિસ 1600 sq.ft. કારીગરોની રૂમ સીકયુરીટી કેબીન 100 KW પાવર 9825511699

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સાગર 9427113317,**
દિપાવલિમાં ગોવા, મહાબળેશ્વર, એસી સ્લીપરમાં, શનિ રવિ સેલવાસ, દમણ (12004)

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. દિવાળીમાં (ઉજ્જૈન), (દ્વારકા), (ભીમાશંકર), (અષ્ટવિનાયક), (શિરડી), (સફેદરણ) 7802062340 (386)

જમીન વેચવાની છે ગામ:-કમલાપોર, તા:ડોલવણ, જિ. તાપી સોલાર લાયક 66 KV નજીક 15.5 વિંઘા જુની શરત નહેરની બાજુમાં ખેતી માટે ઉત્તમ મો:-9725710000

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ-14. તારીખ- 11/ 11, (ફક્ત 7 સીટ બાકી) અને 24/ 11 (ફક્ત 7 સીટ બાકી) (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુક્તિનાથ. તારીખ- 24/ 12, દિવસ-12. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, બ્રેક ફાસ્ટ, લંચ, ડીનર સાથે, મળો: દિપકભાઈ બોડીવાલા- 9825144143, કિશનભાઈ- 9898700934. (12005)

પુરૂષાર્થ GST Registration @ 2000 Rs GST Return @500 Rs PM Incomtax Return of five Year 9974810262

**રોશનીશિવ ટ્રાવેલ્સ,**
(1) તારીખ- 11/11, હરિદ્વાર, મથુરા, શ્રીનાથજી, જયપુર, અંબાજી. દિવસ- 12, (2) તારીખ- 10/11, ઉજ્જૈન, ઓમકારેશ્વર. દિવસ- 3, (3) તારીખ- 11/11, ઉદેપુર, જયપુર, ખાટુશ્યામ, સાવરીયાશેઠ, ચિત્તૌડગઢ, અંબાજી. દિવસ- 7 (4) તારીખ- 11/11, જોડપુર, જેસલમેર, રામદેવડા, બિકાનેર. દિવસ- 6. 9427478966, 9978678966 (12007)

N.A. (મલ્ટીપર્પસ) જગ્યા 24,101 ચો.મી. લાંબા સમય માટે ભાડે આપવાની છે ઝઘડીયા G.I.D.C.થી એક કિ.મી. રોડ ટચ : સંપર્ક : 98251 17876

**ઓમશિવ ટ્રાવેર્લ્સ**
બેસતુવર્ષ 10, 12, 17, (કચ્છ, માંડવી, સફેદરણ, રોડટુ હેવન, મોગલધામ) (ઉદેપુર, જયપુર, ચિત્તૌડગઢ, માઉન્ટઆબુ, શ્રીનાથજી) (જોધપુર, જેસલમેર, રામદેવરા) (મહાબલેશ્વર, લોનાવાલા) (નાસિક, શીર્ડી, સપ્તશ્રુંગી) (સારંગપુર, વિરપુર, ચોટીલા, મોઢેરા, અંબાજી) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997 (12008)

જોઈએ છે 150 થી 300 ફુટનું ઓફિસ કન્ટેઈનર વેચાણથી MO. 91515 97171

**મામાદેવ ટ્રાવેર્લ્સ**
ઉજ્જૈન- ઓમકારેશ્વર. 11/11, કચ્છ-ભુજ. 16/11. દ્વારકા- સોમનાથ. 16/11. જમવા સાથે, સ્લીપર બસ. -9099733775 (12009)

મિલ્કત વેચવાની છે

**સ્વાતી સોસાયટી**
(ચીકુવાડી) વરાછા પ્લોટ વેચવાનો છે. 270 થી 300 વાર. 9687580001 (11416)

**2.15 વિંઘા ઈન્ડસ્ટ્રીયલ**
Zone જમીન વેચવાની છે. ગામ: ટેના રાંગ. Mo. 9687580001 (11417)

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે. ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001 (11418)

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામ: કાળા વ્યારા, કણજા 9687580001 (11419)

**ગૌરવપથ ઉપર રોડ**
કોર્નરના પ્લોટ વેચાણથી આપવાના છે. Mo. 7435035156 (12003)

મિલ્કત ભાડેથી

**ભાડેથી- પીપલોદ**
એરિયા 2 BHK ફ્લેટ ગ્રાઉન્ડ ફ્લોર ભાડે આપવાનો છે. કોન્ટેક્ટ 9898590593 (12010)

નોકરી વિષયક

**સુરતમાં રેસ્ટોરન્ટ**
સ્વતંત્ર મેનેજ કરી શકે તેવા અનુભવી માણસ જોઈએ છે કોલ 9898078652 (12002)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર